## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સરકારી સુલભ શૌચાલયમાં જાવ... અને સુલભ રીતે પેટ સાફ ન આવે તે માટે તમે આર.ટી.આઈ. ન કરી શકો...!!

# સે-૨૨ના શેરી ગરબા આજે પણ લોકપ્રિય

ગાંધીનગર તા ૧૦

નવલી નવરાતમાં શહેરના સેકટરોમાં શેરી ગરબાની રમઝટ જામશે. સેકટરોની શેરીઓમાં યોજાતા શેરી ગરબામાં માતાજીની ભકિતભાવના સાથે અનોખો પારિવારિક માહોલ જોવા મળે છે. સે-૨૨ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ સમિતિ દ્વારા કર્યુ હતુ.આગામી નવરાત દરમિયાન પણ શાંતિપુર્ણ અને શિસ્તબધ્ધ રીતે માતાજીની ભકિત આરાધના સાથે ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે.વેપારીઓ અને સેકટરના વસાહતીઓ ગરબાના આયોજન માટે ટીમ વર્કથી કામ કરી રહયા છે.

**તત્કાલીન મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ ઉદઘાટન કર્યુ હતુ : સતત ૨૭માં વર્ષે વેપારીઓ અને વસાહતીઓ દ્વારા ગરબાનુ આયોજન : પારિવારિક માહોલમાં ઉજવાતા પર્વમાં બહેનો અને ભાઈઓ અલગ લાઈનમાં જ ગરબે ઘુમે છે : સેકટરની શેરીઓને રોશનીથી શણગારવામાં આવે છે**

સતત ૨૭માં વર્ષે ભવ્ય શેરી ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. વર્ષ ૧૯૮૯માં માતાજીના ચાંચર ચોકમાં ભવ્ય ગબ્બરનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. આ સમયે તત્કાલીન મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ નવરાત્રિ મહોત્સવનુ ઉદઘાટન

નગરમાં હાલ વિવિધ ત્રણ ઠેકાણે સંસ્થાકીય ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવી રહયુ છે જયારે નગરની આગવી ઓળખ સમા શેરી ગરબાના આયોજન માટે પણ તૈયારીઓ ચાલી રહી છે. જેમાં એક જમાનામાં સે-૨૦ સે-૨૯ સે-૧૭ અને સે-૧૬ તેમજ સે-૨૨ના શેરી ગરબાની રંગત કાંઈક વિશેષ જ હતી. ગરબા



પ્રમીઓમાં આ શેરી ગરબાની વિશેષ બોલબાલા હતી. જો કે આજે પણ વર્ષોના અંતે સેકટરોમાં શેરી ગરબાનુ મહત્વ યથાવત છે. દાયકાઓના અંતે પણ સેકટરોમાં શેરી ગરબાની રમઝટ જામે છે. સે-૨૨ સાર્વજનિક નવરાત સમિતિ દ્વારા સતત ૨૭ માં વર્ષે નવરાત્રિનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.સમિતિના પ્રમુખ કાળીદાસ પટેલે જણાંવ્યુ હતુ કે શોપિંગના વેપારીઓ તેમજ વસાહતીઓના સહયોગથી ગરબાનુ આયોજન કરવામાં આવે છે. શોપિંગ વિસ્તારને રોશનીથી શણગારવામાં આવે છે. જયારે બહેનો અને ભાઈઓ અલગ લાઈનમાં ગરબે ઘુમે છે. રાત્રિના ૧૦ વાગે માતાજીની ભવ્ય આરતી કરવામાં આવે છે. આગામી નવરાતમાં પણ આ મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે.પારિવારિક અને કોમી એખલાસના વાતાવરણમાં નગરના ગરબા પ્રમીઓ ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો નવરાતની ઉજવણીમાં જોડાય છે.૨૫ વર્ષ અગાઉ અહી ભવ્ય ગબ્બરનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. તેવા સમયે પુર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ મહોત્સવનુ ઉદઘાટન કર્યુ હતુ.

નવરાત મહોત્સવના આયોજન માટે પ્રભાત દેસાઈ,પશાભાઈ પટેલ અશ્વિન વ્યાસ, ભરત જોષી દશરથ પટેલ અને જગદીશભાઈ નાયી જહેમત ઉઠાવી રહયા છે. નવરાત દરમિયાન રોજ રાત્રિના કલાકાર નિકિતા અંજારીયા સંજય બારોટ પ્રદીપ લેઉવા નરેન્દ્રસિંહ બિહોલા સહિતના ગાયકવૃંદો ગરબા સુર રેલાવશે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠકમાં જિતેન્દ્ર વ્યાસના કાવ્યોને કડી સર્વ વિદ્યાલયના ડૉ. સોમભાઈ પટેલે રાગરાગણીમાં ગાન કરી કાવ્ય પઠનના માહોલને સંગીત સભામાં રૂપાંતરિત થઈ ગઈ હતી.

● સેંટ ઝેવિયર્સના પૂર્વ શિક્ષિકા શ્રીમતિ કુન્દનબેન દવે દ્વારા તૈયાર કરાયેલ શ્રીમદ્ ભગવદ્ ગીતાનો બોધ ઉર્દૂના પ્રસિદ્ધ શાયર શ્રી અનવર જલાલપુરી સાહેબે 'ઉર્દૂ શાયરીમાં ગીતા' ગ્રંથનો ગુજરાતી પદ્યાનુવાદ 'આસ્વાદ' સ્વરૂપે ૨૫મી ઓક્ટોબરના રોજ વિમોચન કરાશે.

● ગાંધીનગર શહેરમાં ઘઉંમાં ધનેરા પડવાની વ્યાપક ઘટનાઓ બહાર આવી રહી છે. લોકો તડકામાં હાલ ઘઉં સૂકવી રહ્યા છે.

● આજે રજાનો દિવસ હોવા છતાં સિવિલના આર. એમ.ઓ. ડૉ. કલ્પેશ શાહે આખો દિવસ હોસ્પિટલમાં રાઉન્ડ લઈ વિતાવ્યો હતો.

● ભાજપના પ્રદેશ એકમની કોર ગૃપની બેઠક કમલમ્ કોબા ખાતે યોજાઈ હતી.

● સેક્ટર-૨ના રહીશ અને કર્મચારી અગ્રણી શ્રી હસમુખ સુથારના દુઃખદ અવસાનને લઈ આજે યોજાયેલ બેસણામાં પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતિ ઉર્મિલાબેન પટેલ તથા પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી સિદ્ધાર્થ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

● જાણીતા હાસ્ય લેખક વિનોદ ભટ્ટ ગાંધીનગરના મહેમાન બન્યા હતા.

# પોલીસને થાપ આપીને ભાગી ગયેલો આરોપી એક વર્ષે ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૧

માલપુર પોલીસ બળાત્કારના આરોપીને એસટી બસમાં અમદાવાદ મેડીકલ ચેકઅપ કરાવીને હિંમતનગર સબ જેલ ખાતે લઈ જઈ રહી હતી તે દરમ્યાન ચાલુ બસે કુદકો મારીને પોલીસને થાપ આપી આરોપી ફરાર થઈ ગયો હતો. એક વર્ષથી નાસતા ફરતા આ આરોપીને ડભોડા પોલીસે બાતમીને આધારે ઝડપી પાડ્યો છે. જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાથી ડભોડા પોલીસ સ્ટેશનના વર્ષ-૨૦૧૪થી વોન્ટેડ આરોપીને પકડવા ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમે બાતમીદારો સક્રિય કર્યા હતા. દરમ્યાન અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સંપર્કમાં રહીને આજે આ એક વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી લેવામાં આવ્યો છે.

# શેરથાના મથુરભાઈની આયુર્વેદિક પડીકી ડાયાબીટીસમનું મારણ બની રહી છે

ગાંધીનગર, તા. ૧૧

માત્ર ગાંધીનગર કે ગુજરાત જ નહિ પરંતુ સમગ્ર ભારતમાં દિન પ્રતિદિન રાજરોગ ડાયાબીટીસનો ભરડો કસાતો જાય છે. આ રોગમાં સપડાઈ અનેક વ્યક્તિઓ જીવન જીવવાનો આનંદ ગુમાવી રહ્યાં છે. આ પરિસ્થિતિમાં માત્ર દવા કે ઈન્સ્યુલીનના સહારે તથા ખોરાક પરના નિયંત્રણના આધારે સતત તણાવયુક્ત જીવન જીવતા દર્દીઓ યુર્વેદમાં સહારો શોધી રહ્યાં

**માત્ર ખાધાખોરાકીની ચીજવસ્તુઓથી બનાવેલ આ દવાની આડઅસર થતી ન હોવાનો દાવો**



છે. ગાંધીનગર જિલ્લાના શેરથા ગામના ૬૩ વર્ષીય નિવૃત્ત જીઈબી અધિકારી મથુરભાઈ પટેલ આ દિશામાં આશાનું કિરણ બની ઉભરી રહ્યા છે.

માત્ર કેટલી ખાધા ખોરાકીની જ ચીજવસ્તુઓનો ઉપયોગ કરી ડાયાબીટીસ સહિત નાના-મોટા અનેક રોગોને જડમૂળમાંથી દૂર કરવાની દવા જાતે બનાવતા મથુરભાઈ આ દવાથી કોઈ આડસ અસર થઈ શકે નહીં તે બાબતે ઘણા સાશ્વત છે. વર્ષ ૨૦૧૩માં ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી નિવૃત્ત થયેલા મથુરભાઈને વર્ષોથી આયુર્વેદમાં રસ હતો તેથી તે અંગેનું સતત વાંચન અને ઘરગથ્થું પ્રયોગો કરતા રહેતા હતા. જોકે પત્નિને ડાયાબીટસ હોવાનું નિદાન થતાં જ તેમણે આ બાબતે ગંભીરતાથી કાર્ય પ્રારંભ કર્યું. માત્ર દેશી ગવાર અને મેથીના યોગ્ય સંયોજનથી તેમણે એક પાવડર તૈયાર કર્યો, જેના થકી પત્નિને ડાયાબીટીસમાંથી સંપૂર્ણ મુક્ત કરી શક્યા. આટલું જ નહિં તેમણે બનાવેલી દવાથી પત્નિના આંખમાં જે વેલ હતી જેનું ઓપરેશન કરવું ફરજિયાત છે તેવું નિદાન થયું હતું તે પણ ક્યાં ગાયબ થઈ ગઈ તે જ ખબર ન પડી.

બસ પછી તો પોતાના બનેવી, વેવાઈ અને ધીમે ધીમે આડોશી - પડોશીઓ વગેરેને વિવિધ રોગમાંથી તેમના તૈયાર કરેલ નુસ્ખા આપતા ગયા અને સફળ પરિણામો પામતા ગામમાં અને સમાજમાં પ્રસિદ્ધિ પામતા ગયા. ગામના મોચીની પત્નિને બંને આંખે ઓપરેશન પણ કરાવવાનું હતું ત્યારે ડાયાબીટીસ ૪૫૦ સુધી પહોંચ્યો હતો. મથુરભાઈને તેની પાસે જ દવા બનાવડાવી અને અંતે ઓપરેશન સુખરૂપ પાર પડ્યું. શેરથા અને આસપાસના ગામોમાં મથુરભાઈના આવા તો અનેક કિસ્સા જાણવા મળે છે.

તેમની બનાવેલ દવાની રેસિપી માટે મળેલી ઘણી ઓફરો ઠુકરાવી ચૂકેલા મથુરભાઈ દર્દી પાસેથી માત્ર મટીરીયલ્સના પૈસા લે છે અને દવા બનાવી આપવાની સેવા આપે છે. ડાયાબીટીસની તેમની પડીકી ખૂબ જ અસરકારક સાબિત થઈ રહી છે જે આ રાજરોગના દર્દીઓ માટે ફરી જીવન આનંદમય બનાવવાની દિશામાં રેલાતા આશાના કિરણ સમાન છે.

# ટ્રેડીશનલ લુકમાં સજજ થવા ખેલૈયાઓમાં બ્યુટી ટ્રીટમેન્ટનો ક્રેઝ

### ફેશિયલ, બોડી પોલીશીંગ, મસાજ અને ટેટુ ચિતરાવવા નગરના બ્યુટી પાર્લરોમાં ભીડ : યુવકો પણ ઉત્સુક

નવલી નવરાત્રીને આડે માત્ર એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે ખેલૈયાઓ ગરબા મેદાનમાં એન્ટ્રી લેવા સજ્જ થઈ રહ્યા છે. ભાતીગળ વસ્ત્રોની ઝાકમઝોળ વચ્ચે ગરબે ગુમતા ખેલૈયાઓ ડ્રેસીંગ સેન્સ ઉપરાંત બ્યુટીટ્રીટમેન્ટ માટે પણ વિશેષ ઉત્સુક હોય છે. મોઘા દાટ ટ્રેડિશનલ ડ્રેસીસ ઉપરાંત બ્યુટી ટ્રીટમેન્ટ પણ ખેલૈયાઓ માટે ખર્ચાળ સાબિત થાય છે. ટ્રેડિશનલ લુકને વધુ આકર્ષક બનાવવા નગરના યુવક-યુવતીઓ બ્યુટી પાર્લરમાં નવીનવી ટ્રીટમેન્ટ લેવાનું પસંદ કરે છે. જેમાં યુવતીઓ ઉપરાંત યુવકો પણ આ પ્રકારની બ્યુટી ટ્રીટમેન્ટ લેતા હોવાનું નગરના બ્યુટીશ્યન જણાવી રહ્યા છે. નગરના બ્યુટી પાર્લરમાં નવરાત્રી દરમ્યાન યુવક યુવતીઓની ભીડ જોવા મળે છે. ખેલૈયાઓ વિવિધ સ્પા સેન્ટરોમાં પણ મસાજ થેરાપી લેતા હોય છે. બ્યુટી ટ્રીટમેન્ટ અને મસાજ થેરાપી પાછળ ખેલૈયાઓ ૫૦૦ થી લઈ ૫૦૦૦ રૂપિયા ખર્ચતા હોય છે.



દરમ્યાન નાઈટ કે ઈવનીંગ મેકઅપ કરાવે છે. જ્યારે દાંડીયાના સિમ્બોલવાળા ટેટુ માટે પણ પાર્લરમાં ભીડ જોવા મળે છે. નવરાત્રી દરમ્યાન બ્યુટી ટ્રીટમેન્ટ પાછળ ગરબા પ્રેમીઓ રૂ. ૫૦૦થી લઈને ૧૦,૦૦૦ સુધીનો ખર્ચ કરતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

- હેતલ ત્રિવેદી, - સે. ૩-સી

**● મેકઅપના યોગ્ય કોમ્બીનેશન સાથે સંતુલિત આહાર પણ જરૂરી**



નવરાત્રી દરમ્યાન મોડી રાત્રિ સુધી ગરબે રમવા માટે મેકઅપ લાંબો સમય ટકે તેવો હોવો જરૂરી છે. મેકઅપને લાંબા સમય સુધી ટકાવવા યોગ્ય ફાઉન્ડેશન અને મટિરિયલ્સની ગુણવત્તા સારી કક્ષાની હોય તે પણ એટલુ જ અગત્યનું છે. જે તે મટિરિયલ્સમાં વપરાતાં તત્વોને ધ્યાનમાં રાખીને કોમ્બીનેસન પસંદ કરવાથી મેકઅપ જલ્દી ઉતરતો નથી. વળી, ચહેરો મોડી રાતના ઉજાગરા અને ગરબાના થાકથી નિસ્તેજ ના પડી જાય તે માટે સમગ્ર પર્વ દરમ્યાન સંતુલિત આહાર લેવો અને પુરતી ઉંઘ પણ એટલી જ અગત્યની છે. ગરબા રમવા જતી વખતે સાથે લીંબુ શરબત પણ લઈ જઈ વખતોવખત પીવાથી શરીરમાં તેના એન્ટી-ઓસોડન્ટ તત્વો ચહેરા પર થાક વર્તાવા દેતા નથી. તેમજ તાજગીના કારણે આકર્ષકતા જળવાઈ રહે છે.

- ભાવના રામી, ન્યુ વાવોલ

**● મેકઅપ સારી કંપનીનો વાપરવાથી ચામડીને ઓછો ઘાતક નીવડે છે**



નવરાત્રીના નવ દિવસ દરમ્યાન લોકો ગરબે ઘુમવા માટે ટ્રેડિશનલ લુકમાં તૈયાર થવા બ્યુટીશનોની મદદ લઈ પોતાની આગવી ઓળખ ઉભી કરતા હોય છે. ત્યારે બ્યુટીશન હિના પંડ્યાનું કહેવું છે કે સારા દેખાવવા માટે મેકઅપ સારા કંપનીનો હોવો ખૂબ જરૂરી છે. જે ચામડીને ઓછુ નુકશાન પહોંચાડે છે. તેમજ આ નવરાત્રી દરમ્યાન હેરસ્ટાઈલમાં પફ હેરસ્ટાઈલનો વધારે ક્રેઝ લોકોમાં જોવા મળશે.

- હિના પંડ્યા, સેક્ટર-૩-બી

**● ખેલૈયાઓમાં સ્કીન ટ્રીટમેન્ટ સાથે ટેટુ ચિતરાવાનો ક્રેઝ**

નવરાત્રી દરમ્યાન ખેલૈયાઓ સ્કીન ટ્રીટમેન્ટ તરફ વધુ ધ્યાન આપે છે. જેમાં બોડી પોલિશીંગ ફેસીયલ તેમજ ટેટુ ચિતરાવવાનું ક્રેઝ વિશેષ જોવા મળે છે. ખેલૈયાઓ ટ્રેડિશનલ વસ્ત્રોમાં વધુ આકર્ષક દેખાવવા નવરાત્રી

**● અનુભવી બ્યુટીશિયન પાસે ટ્રીટમેન્ટ લેવી અનિવાર્ય**



નવરાત્રી દરમ્યાન ખેલૈયાઓ અવનવા ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થાય છે. ત્યારે બ્યુટી ટ્રીટમેન્ટ પ્રત્યે પણ વિશેષ જાગૃતતા દાખવે છે. ખેલૈયાઓ બોડી પોલીશીંગ અને ફેસિયલની ટ્રીટમેન્ટનું વધુ આગ્રહ રાખે છે. પરંતુ નવરાત્રી દરમ્યાન અનુભવી બ્યુટીશયન પાસે સ્કીન ટ્રીટમેન્ટ લેવી વિશેષ અનિવાર્ય છે. કારણ કે ફેસિયલની સાથે વોટરપ્રુફ ચેકઅપનું ક્રેઝ વધુ હોવાથી ચામડી પર કોઈ આડ અસર ન થાય તેની વિશેષ કાળજી લેવી પડે છે. સ્કીન ટ્રીટમેન્ટની સાથે જુદી જુદી હેરસ્ટાઈલ માટે પણ બ્યુટી પાર્લરમાં ખૈલાયાઓ તૈયાર થવા આવે છે.

- કીમા તલાટી, સેક્ટર-૭

# સચિવાલયના વિવિધ વિભાગોમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ ખાલી છે

ગાંધીનગર, તા. ૧૧

સચિવાલયના વિભાગોમાં વિવિધ સંવર્ગમાં ખાલી પડેલી જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી છે અને આગામી ટુંક સમયમાં બઢતી અને બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયના વિવિધ વિભાગોમાં ઉપસચિવ અને નાયબ સચિવ સંવર્ગની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી છે. હાલમાં આ ખાલી જગ્યાઓ નિવૃત્ત અધિકારીઓને કરાર આધારીત રાખીને જગ્યાઓ ભરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉપસચિવ સંવર્ગમાંથી નાયબ સચિવ તરીકે પઢતી મેળવવા માટે ઉપસચિવ સંવર્ગમાં પાંચ વર્ષનો અનુભવ જરૂરી છે. અધિકારીઓને પાંચ વર્ષનો અનુભવ ન હોઈ આ જગ્યાઓ ખાલી રહેવા પામી હોવાનું જાણવા મળે છે.

# ઉત્તર ગુજરાત ઈંટ ઉત્પાદક મંડળ દ્વારા ઈંટ ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ટાઉનહોલ ખાતે આજરોજ ઉત્તર ગુજરાત ઈંટ ઉત્પાદક સંઘ દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ઈંટ ઉત્પાદકના ધંધા સાથે સંકળાયેલા અગ્રણીઓ હાજર રહ્યા હતા. તેઓના પ્રશ્નોનું નિરાકરણ ન આવતા ઈંટ ઉત્પાદક સંઘ દ્વારા ઈંટ ઉત્પાદન બંધ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેસાણાના સંસદ સભ્ય જયશ્રીબહેન પટેલ, ભાજપ પ્રદેશના મહામંત્રી કે.સી. પટેલ સહિત મોટીસંખ્યામાં અગ્રણીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

આ પ્રસંગે હાજર સંસદસભ્ય જયશ્રીબેન તેમજ ભાજપ પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલે ઈંટ ઈત્પાદક મંડળના આ મુદ્દાઓનું સરકારમાં રજુઆત કરી જલદી નિરાકરણ લાવવામાં આવશે તેવું જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારના પર્યાવરણ વિભાગ દ્વારા ફલાયએશ મશીન તથા મલ્ટીનેશનલ કંપનીઓના દબાણમાં આવીને કાયદા બનાવીને પ્રાચીન

**...નિર્ણયને ગુજરાત બ્રિક્સ મેન્યુફેક્ચરીંગ એસોસિએશનનો ટેકો જાહેર**

કુટીર ઉદ્યોગને પુરી રીતે નેસ્તનાબુદ કરવાની સાજીશ કરી છે. જેના કારણે દેશભરમાં ૧,૪૫,૦૦૦ ઈંટ ઉત્પાદકો અને ૩.૫ કરોડ જમીન વિહોણા ગ્રામીણ મજૂરો બેકાર બનવાના છે. ગઈકાલે દિલ્હી ખાતે મળેલી ઓલ ઈન્ડિયા બ્રિક્સ મેન્યુફેક્ચરીંગ એસોસિએશનની મીટીંગમાં થયેલા ઠરાવ મુજબ ઉત્તર ગુજરાત ઈંટ ઉત્પાદક મંડળ દ્વારા જ્યાં સુધી તમામ મુદ્દાઓનું નિરાકરણ ન આવે ત્યાં સુધી ઈંટ ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને પરોક્ષ રીતે ગુજરાત બ્રિક્સ મેન્યુફેક્ચરીંગ એસોસિએશને ટેકો જાહેર કર્યો છે.

ભારત અને વિશ્વમાં પ્રાચીનકાળથી આવાસ નિર્માણ તથા બાંધકામક્ષેત્રે માટીમાંથી બનાવેલી ઈંટોનો ઉપયોગ થતો આવે છે. રાજ્યમાં અંદાજીત ૨૦૦૦ મોટા તથા ૨૫ હજાર નાના ઈંટોના ભઠ્ઠા આવેલા છે. આ ઉદ્યોગની સરકારને રોયલ્ટી તથા વેટ પેટે દર વર્ષે રૂ. ૧.૨૫ કરોડની આવક થાય છે. જ્યારે આ ઉદ્યોગમાં અંદાજે ૬ લાખ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીની તકો પ્રાપ્ત થઈ રહી છે. કુટીર ઉદ્યોગ હોવા છતાં લાખો લોકોને રોજગારી પુરી પાડવામાં આવે છે. છતાં સરકારી પ્રોત્સાહન જેવા કે સબસીડી, લોન તેમજ એન.એ. (બિનખેતી પરવાનગી) મેળવવા માટેની કાયદાકીય આંટીઘુટીમાં સરળતા આપવામાં આવતી નથી. ત્યારે પડતાને પાટુ મારવા સમાન તાજેતરમાં કેન્દ્રના પર્યાવરણ વિભાગ દ્વારા તા. ૨૫-૫-૨૦૧૫ના રોજ એક નોટિફિકેશન બહાર પાડીને કોલસા કે લિગ્નાઈટ દ્વારા ચાલતા થર્મલ પાવર હાઉસની ૫૦૦ કિ.મી.ની ત્રિજ્યામાં બાંધકામ માટે ફલાયએશ તથા કલાયએસની પ્રોડક્ટ વાપરવાનું ફરજીયાત કરવામાં આવ્યું છે. જ્યારે આ ત્રિજ્યામાં આવતા દરેક બાંધકામ અંગેના પ્લાન મંજુર કરાવનારે ફલાયએશની પ્રોડક્ટ વાપરવાની બાંહેધરી આપતુ એમ.ઓ.યુ. કરવાનું રહેશે. ફરજીયાત ફલાયએશ જ ઈંટો વાપરવાની રહેતી હોવાથી લાલ ઈંટો વાપરવાની બંધ થઈ જશે. માટીની ઈંટોથી પર્યાવરણને નુકશાન થતુ નથી. જ્યારે ફલાયએશથી ઈંટોથી બનેલા મકાનમાં રેડીયો એક્ટિવિટી વધારે હોય છે. જેનાથી કેન્સર, અસ્થમા, ન્યુમોનીયા જેવા રોગો થવાનો ભય રહે છે. (ટી.આઈ.એફ.સી.) ટીએમ.સી. ૦૮૫ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ન્યુ દિલ્હીના રિપોર્ટના આધારે સ્પષ્ટ જણાવ્યું છે.

ગુજરાતના પ્રજાપતિ સમાજની એકમાત્ર જીવાદોરી સમાન રોજગારીનો સ્ત્રોત ઈંટ ઉત્પાદનનો પ્રાચીન કુટીર ઉદ્યોગને બચાવવા માટે કેન્દ્રના પર્યાવરણ મંત્રી જયપ્રકાશ જાવડેકરને રૂબરૂ મળી રજુઆત કરવામાં આવી છે. છતાં પણ પરિણામ ન આવતા તા. ૨૭-૭-૧૫ના રોજ દિલ્હીના જંતરમંતર ખાતે દેશના જુદા જુદા રાજ્યોના ૫૦૦૦ જેટલા ઈંટ ઉત્પાદકો એકઠા થઈને એક દિવસના ધરણા કર્યા હતા. ગઈકાલે મળેલી ઓલ ઈન્ડીયા બ્રિક્સ એન્ડ ટાઈલ મેન્યુ ફેક્ચર્સ ફેડરેશનના ઠરાવ મુજબ ઈંટ ઉદ્યોગને એન.એ. મેળવવા અંગેના સરળ ફોર્મની સ્વિકૃતિ ઉપરાંત કેન્દ્ર સરકારના એમ.ઓ.ઈ. એફ.માંથી ઈ.સી. મેળવવામાંથી મુક્તિ તથા થર્મલ પાવર સ્ટેશનની ૫૦૦ કિ.મી.ની ત્રિજ્યામાં ફલાય એશની પ્રોડક્ટ વાપરવા અંગેના નોટીફિકેશનને પાછુ ખેંચવામાં નહી આવતા ઉત્તર ગુજરાત ઈંટ ઉત્પાદક સંઘ દ્વારા સંપૂર્ણ પણે ઈંટોનું ઉત્પાદન બંધ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમ ઉત્તર ગુજરાત ઈંટ ઉત્પાદક સંઘના કન્વીનર ધનજીભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું. નગરના ટાઉનહોલ ખાતે મળેલી બેઠકમાં મોટી સંખ્યામાં ઈંટ ઉત્પાદકના વ્યવસાય સાથે સંકળાયેલ વેપારીઓ હાજર રહ્યા હતા.